# Consultations between Secretary (East) and Republic of Korea First Vice Foreign Minister

December 23, 2020

## સચિવ (પૂર્વ) અને કોરીયા ગણરાજ્યનાં પ્રથમ ઉપ વિદેશ મંત્રી વચ્ચે પરામર્શો

ડીસેમ્બર 23, 2020

વિદેશ મંત્રાલયનાં સચિવ (પૂર્વ) શ્રીમતિ રિવા ગાંગુલી અને કોરીયા ગણરાજ્યનાં પ્રથમ ઉપ વિદેશ મંત્રી શ્રી ચોઇ જોન્ગ-કુને 23 ડીસેમ્બર 2020 નાં રોજ ડિજિટલ વિડિયો કોન્ફરન્સ મારફત પરામર્શો યોજ્યા હતા. આ પરામર્શોમાં દ્વિપક્ષીય સહકાર અને ઉચ્ચ-સ્તરનાં દ્વિપક્ષીય આદાન-પ્રદાનો, સંરક્ષણ અને સલામતી સહકાર, કોવિડ-19 પ્રતિભાવ, બહુપક્ષીય મંચોમાં સંકલન સહિતનાં પારસ્પરિક હિતનાં આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પણ આવરી લેવામાં આવ્યા હતા.

બન્ને પક્ષોએ 2021 માં ઉચ્ચ સ્તરનાં આદાનપ્રદાનો વધારે મજબૂત કરવા અને સંરક્ષણનું ક્ષેત્રો અને ખાસ કરીને સંરક્ષણ ઉદ્યોગ સહકાર વધારવા સહિત પારસ્પરિક લાભદાયક સહકાર વધારે ગહન કરવા સંમત થયા હતા. તેઓએ બન્ને દેશો વચ્ચે અતિ મહત્વપૂર્ણ હવાઇ પ્રવાસની સુવિધા આપવા સહિત કોવિડ-19 નાં સંદર્ભમાં સહકાર પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. ઉપમંત્રી ચોઇ દ્વારા કોરીયા ગણરાજ્યનો પ્રવાસ કરતા ભારતીય નાગરિકો સહિતનાં વિદેશીઓ માટે પ્રવાસ નિયંત્રણોમાં, ફ્લાઇટોની સંખ્યા અને વિઝાની કેટેગરીઓ પરનાં નિયંત્રણોમાં વધારે રાહત આપવા માટેનાં કોરીયા ગણરાજ્યની સરકાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવી રહેલા પગલાઓ પર પ્રકાશ પાડ્યો હતો. બન્ને પક્ષોએ એક બબલ ગોઠવણો માટેનાં ચાલું પરામર્શો સતત ચાલું રાખવા પણ સંમત થયા હતા.

ઉપમંત્રી ચોઇએ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) અને કોલિશન ફૉર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) જેવી તેની પહેલો મારફત ભારત દ્વારા ભજવવામાં આવેલી આગેવાનીની પ્રશંસા કરી હતી અને આ મુદ્દાઓ પર ભારત સાથે કાર્ય કરવાનું ચાલું રાખવા માટે કોરીયા ગણરાજ્યની મરજી જણાવી હતી.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 23, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.